ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૨૦.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૩૮

ગાંધીનગર તાપમાન

### ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં

# એનઆઈસીયુ વોર્ડનાં બાળકો પર ઝળુંબતું મોતનું જોખમ

## છેલ્લા અઠવાડીમાં એનઆઈસીયુ વોર્ડમાં બે બનાવ બન્યા, બંન્ને ઘટનામાં બાળકોનો આબાદ બચાવ, હોસ્પિટલના સત્તાધિશો ઘટના અંગે ઢાંકપીછોડો કરી રહ્યા છે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરની હોસ્પિટલમાં અતિ ગંભીર બાળકોને રાખવામાં આવે છે તે વોર્ડમાં છેલ્લા બે અઠવાડીયામાં બે ગંભીર પ્રકારની ઘટના બનવા પામી છે. હોસ્પિટલના એનઆઈસીયુ વોર્ડમાં રાખવામાં આવતા બાળકોના આરોગ્ય સામે ખતરો ઝંળુબી રહ્યો છે. કુમળા અને માસુમ નવજાત બાળકો માટે હોસ્પિટલ સલામત નથી તેવો શૂર સંકુલમાં ઉઠવા પામ્યો છે. અઠવાડીયા પહેલા જ હોસ્પિટલના આ જ વોર્ડમાં મસમોટું પોપડું પડ્યું હતું. જયારે આજે વોરમર મશીનમાં બાળકને રાખવામાં આવ્યું હતું. ત્યારે આ મશીનમાં શાર્ટ સર્કીટ થવા પામ્યું છે. જો કે ગંભીર ઘટના સમયે હાજર કર્મચારીઓએ બાળકને તુંરત ઉંચકીને લઈ લીધો હતો જેને પગલે બાળકનો આબાદ બચાવ થવા પામ્યો છે. બનાવ અંગે સિવિલના સત્તાધિશોને જાણ થતા તાત્કાલીક નીચે દોડી આવ્યા હતા. પરંતુ બાળકના વાલી સાથે મળીને સમગ્ર ઘટના અંગે ઢાંક પીછોડો કરવાના પ્રયાસ પણ તંત્રના અધિકારીઓ દ્વારા હાથ ધરાયા છે. ત્યારે હોસ્પિટલમાં સારવાર લેવા માટે આવતા નાના બાળદર્દીના માતા-પિતાનો વિશ્વાસ ડઘી જાય તેવી અઠવાડીયામાં બીજીવાર ઘટના બનવા પામી છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કરોડોના ખર્ચે આધુનિક બિલ્ડીંગો તૈયાર કરાયા છે. પરંતુ તંત્રની નિતીરીતિને પગલે સામાન્ય નાગરીકો અને દર્દીઓ હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે. દવા સ્ટોર નવા બિલ્ડીંગમાં કાર્યરત છે જયારે બાળદર્દીનો એનઆઈસીયુ વોર્ડ જર્જરીત ઈમારતમાં રાખવામાં આવેલ છે. રાજય સરકાર બાળકોના આરોગ્યને લઈ ચિંતિત છે. બાળકો માટે શાળા આરોગ્ય, મમતા દિવસ, કુપોષણ સહિતની યોજનાઓ છે. જયારે નવજાત બાળકને તેની માતા સાથે સહી સલામત ઘરે મુકવા જવા માટે આરોગ્ય વિભાગ દ્વારા ખિલખિલાટ વાન મુકવામાં આવી છે. ત્યારે સરકારની આંખ સામે આવેલ પાટનગરની હોસ્પિટલમાં જ દિવા તળે અંધારુ હોય તેવો વહીવટ ચાલી રહ્યો છે. હોસ્પિટલમાં ગંભીર નવજાત બાળકોને રાખવા માટે એનઆઈસીયુ વોર્ડ કાર્યરત છે ત્યારે આ વોર્ડમાં જ છેલ્લા અઠવાડીયામાં પોપડું પડવુ અને આજે વોરમર મશીનમાં શોર્ટ સર્કિટનો બનાવ સામે આવ્યો છે. હોસ્પિટલમાં બે ગંભીર ઘટનાથી બાળદર્દીની સુરક્ષાને લઈને સવાલ ઉભા થયા છે. તો બીજીતરફ કુમળા હદયના બાળદર્દીની સારવાર કરતા ડોકટર કઠોર હદયના હોય તેવા અનુભવો પણ બાળદર્દીઓના સ્નેહીજનોને થવા પામ્યા છે. નાના બાળદર્દીના કેસમાં મુંઝાયેલા સ્નેહીજનો ફોન મારફતે સંપર્ક કરે તો હડધુત કરવામાં આવે છે. કરોડોના ખર્ચે તૈયાર થયેલ હોસ્પિટલના નવા બિલ્ડીંગમાં પણ રોજ ફરિયાદો ઉઠવા પામે છે. ત્યારે છેલ્લા એક સપ્તાહમાં બાળદર્દીના વોર્ડમાં બીજીવાર ગંભીર ઘટના બનતા માસુમ બાળકો સલામત ન હોવાની દયાજનક સ્થિતિ ઉભી થઈ છે. ત્યારે આજે વોરમર મશીનમાં શોર્ટસર્કીટ થતા રાખવામાં આવેલ બાળકને તુંરત લઈ લેવામાં આવ્યું હતું. ઘટનાની જાણ અધિકારીઓ અને ડોકટરને થતા તાત્કાલીક વોર્ડમાં દોડી પહોચ્યા હતા. અને બાળકના વાલી સાથે મેરેથોન ચર્ચા કરીને સમગ્ર ઘટના પર પડદો પાડવાના પ્રયત્નો હાથ ધર્યા હતા.

### આઈ લવ માય ગાંધીનગર



**નિકુંજ હસમુખભાઈ પરસાણા**

**ગાંધીનગર ગમે**

શહેરની સ્વચ્છતા, હરિયાળી ધરતી અને શાંતિપ્રિય લોકોને કારણે ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

અહીંના નગરજનો શાંતિપ્રિય, અનુશાસિત અને આનંદપ્રિય છે. આવા ઝિંદાદિલ લોકોને કારણે જ ગાંધીનગર રહેવા માટે એકદમ સારું શહેર બન્યું છે એવું મારું માનવું છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

અહીંની સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે. અનેક સંસ્થાઓ અનેકવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરે છે, જેનાથી શહેર મહેકી રહ્યું છે. એ બધી જ સંસ્થાઓ ને સંસ્થાના બૅનર સિવાય પણ સેવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની મહેક પ્રસરાવતા નગરજનો, ભાવકો પ્રતિ હું મારો અહોભાવ વ્યક્ત કરું છું.

**નગરને બહેતર બનાવવા**

શહેરની સ્વચ્છતા અને સગવડતામાં વધારો થાય તે જરૂરી લાગે છે. એવું થશે તો ગાંધીનગર એ દુનિયા માટે બેજોડ નગર બની શકે તેમ છે.

**નગર માટે હું કરી શકું**

નગરના સર્વાંગી વિકાસ માટે, સઘળાં ક્ષેત્રોમાં તેના વિકાસ માટે કરવાનાં થતાં સઘળાં કામો માટે હું મારો પૂર્ણ સહયોગ આપવા માટે તૈયાર છું.

# પીએસઆઈની પરીક્ષા માટે દોડતાં બેભાન થઈ ગયેલા કોન્સ્ટેબલનું મૃત્યુ

ગાંધીનગર, તા. ૧૫

પીએસઆઈની દોડની પરીક્ષા હાલ ચાલી રહી છે ત્યારે અંકલેશ્વર ખાતેના પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો જવાન ગાંધીનગર ખાતે પીએસઆઈની દોડની પરીક્ષા આપવા આવ્યો હતો. દોડતા દોડતા બેભાન થઈ ગયેલા કોન્સ્ટેબલને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. જેનું મોડી સાંજે સારવાર દરમ્યાન જ કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે. ગાંધીનગર શહેરના સેક્ટર-૨૭ પોલીસ હેડક્વાર્ટર ખાતે પીએસઆઈની ભરતી માટે દોડની પરીક્ષા ચાલી રહી છે. ત્યારે ગઈકાલે આ પરીક્ષામાં ૮૦૦થી વધુ ઉમેદવારોએ પોતાની ફીઝીકલ ટેસ્ટ આપી હતી. દરમ્યાન અંકલેશ્વરમાં લોકરક્ષક તરીકે ફરજ બજાવતા પ્રદિપકુમાર કંચનભાઈ તડવી (ઉં.વ. ૨૮)એ પણ દોડની પરીક્ષા આપી હતી. દોડતા દોડતા સવારે તે અચાનક બેભાન થઈ જતા તેને હોસ્પિટલ લઈ જવાયો હતો. જો કે હાલત ગંભીર જણાતા તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. મોડી સાંજે તેનું અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી ગયુ હતુ. સે. ૨૧ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને જમાદાર દેવેન્દ્રસિંહે વધુ તપાસ શરૂ કરી છે. હાર્ટએટેકથી જવાનનું મૃત્યુ થયું હોવાની પ્રાથમિક શક્યતા પોલીસે વ્યક્ત કરી છે.



# પોર-અંબાપુર રોડ પર સોનીને લૂંટી લેવાયો

## પોર ગામમાંથી દુકાન બંધ કરીને જતા સોનીને આંતરીને બે શખ્સો ૪૪ હજારની મત્તા લૂંટી ગયા : સોની પડી જતાં ઘાયલ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર નજીક આવેલા પોર ગામની જ્વેલર્સ શોપ બંધ કરીને ગઈ મોડી સાંજે સોની બાઈક લઈને ઘર તરફ જવા નીકળ્યા હતા. પોર-અંબાપુર રોડ પર તેઓ પહોંચ્યા ત્યારે પાછળથી બાઈક પર ડબલ સવારી આવેલા લુંટારૂઓએ સોનીને આંતરીને ચાલુ બાઈકે ધક્કો મારી સોનાના દાગીના તથા રોકડ ભરેલી બેગ લુંટી લીધી હતી અને પળવારમાં રફુચક્કર થઈ ગયા હતા. સોનીની ફરિયાદને આધારે અડાલજ પોલીસે બે અજાણ્યા લુંટારૂઓ સામે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા ૫૬ વર્ષીય મહેન્દ્રભાઈ ચમનલાલ સોનીને ગાંધીનગર નજીકના પોર ગામમાં ચોક્સી જ્વેલર્સ નામની સોના-ચાંદીના દાગીનાની દુકાન છે.

ગઈ સાંજે મહેન્દ્રભાઈઈએ દુકાનમાંથી સામાન અને રોકડ રૂપિયા લઈ એક બેગમાં ભરીને પોતાનું બાઈક લઈ નરોડા જવા નીકળ્યા હતા. પોર-અંબાપુર માર્ગ પરથી તેઓ પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી એક બાઈકસરાર બે શખ્સો આવ્યા અને સોનીનું બાઈક આંતરીને ધક્કો મારી રૂ. ૯ હજાર રોકડા, સોનાની ચેઈન, બે બુટ્ટી, પાંચ પેન્ડલ, બે કાનની સેરો અને કાનની કડી મળી રૂ. ૪૨ હજારની મત્તા ભરેલી બેગ લુંટી ક્ષણવારમાં ફરાર થઈ ગયા હતા. આ મામલે સોનીએ અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં પીએસઆઈ મેટલીયાએ લુંટનો ગુનો દાખલ કરી લંટારૂઓ સુધી પહોંચવા માર્ગપરના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવવા તજવીજ શરૂ કરી છે.

### @ગાંધીનગર

- ગાંધીનગર શહેરના સેક્ટર-૨૯ જલારામ ધામ ખાતે સવારે ૧૦થી ૧૨ દરમિયાન નેત્ર નિદાન કેમ્પ યોજાશે.
- શહેરના સેક્ટર-૩-ડી સાંઈબાબા મંદિર પાસે આવેલ રામજી મંદિર ખાતે શ્રીમદ્ ભાગવત કથા બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

## બ્રહ્મસમાજ દ્વારા એપ્રિલમાં સમૂહ લગ્ન અને યજ્ઞોપવિતનું આયોજન

ગાંધીનગર તા ૧૫

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આગામી એપ્રિલ મહીનામાં સમુહલગ્ન તેમજ યજ્ઞોપવિતનુ આયોજન કરવામાં આવ્યુ છે. સમાજ દ્વારા એપ્રિલમાં તા ૨૧ થી ૨૩ દરમિયાન આ અન્વેય મહેંદી રસમ, તેમજ રાસ ગરબાનો કાર્યક્રમ પણ યોજવામાં આવશે. ગાંધીનગર બ્રહ્મસમાજના અગ્રણી પિનાકીન રાવલ ,નરેશ દવે તેમજ નરેન્દ્ર વ્યાસના જણાંવ્યા મુજબ આગામી એપ્રિલ મહીનામાં સમાજ દ્વારા સમુહ લગ્ન તેમજ યજ્ઞોપવિતનો કાર્યક્રમ યોજાશે. જેમાં આ અન્વેય તા ૨૧ એપ્રિલના રોજ મહેંદીનો કાર્યક્રમ અને તા ૨૨ એપ્રિલના રોજ રાત્રિના ૮ કલાકે સંગીત સંધ્યાનો કાર્યક્રમ પણ યોજાશે. યજ્ઞોપવિત દરમિયાન તા ૨૩ એપ્રિલના રોજ ૩૧ બટુકોને જનોઈ આપવામાં આવશે. બટુકોની નિયત સંખ્યા પુર્ણ થઈ હોવાથી હવે ફાર્મ સ્વીકારવામાં આવશે નહી જયારે સમુહ લગ્ન અન્વયે હજુ આગામી તા ૨૮ ફેબ્રુઆરી સુધી ફોર્મ સ્વીકારવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે.

### માર્ગ અકસ્માતમાં ઘવાયેલા

# વાવોલના આશાસ્પદ યુવાનનું દુખદ મોત

ગાંધીનગર, તા. ૧૫

શહેરના સે. ૧૩ મહાત્મા મંદિર નજીક ચાર દિવસ પહેલા બાઈક લઈને જતા વાવોલના બે યુવા મિત્રોને બેફામ જતી કારે જબરદસ્ત ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘાયલ થયેલો આશાસ્પદ યુવાન ધ્રુવલ વ્યાસ ચાર દિવસથી અમદાવાદની હોસ્પિટલમાં બેભાન હાલતમાં સારવાર હેઠળ હતો. તેનું આજે વહેલી સવારે મૃત્યુ થતા પરિવારજનોમાં તથા ગામમાં અને તેની કોલેજમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી છે. સે. ૭ પોલીસે કારચાલક આરોપી સુધી પહોંચવા ઊંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ચાર દિવસ પહેલા ૧૨ ફેબ્રુઆરીએ વાવોલ ગામના અંકુર એપાર્ટમેન્ટ ખાતે રહેતો ૨૦ વર્ષિય યુવાન ધ્રુવલ બીપીનભાઈ વ્યાસ અને તેનો મિત્ર અંકિત બંને એક બાઈક લઈને સે. ૨૧ ખાતે ગયા હતા. સે. ૨૧માંથી બાઈક પર પરત ઘરે વાવોલ જઈ રહ્યા હતા ત્યારે સે. ૧૩ મહાત્મા મંદિર પાસે એસબીઆઈ એટીએમ નજીક સડસસડાટ જતી એસેન્ટ કારે બાઈકને અડફેટે લઈ લીધી હતી અને માનવતા નેવે મુકીને બંને યુવાનોને કાંઈ થયુ છે કે કેમ ? તે જાણવાની પણ તસ્દી લીધા વિના કાર સાથે ચાલક ફરાર થઈ ગયો હતો. બાઈક સવાર બંને યુવાનો ઘાયલ થયા હતા જેમાં અંકિતને ફેક્ચર થયુ હોવાનું જાણવા મળ્યુ છે જયારે ધ્રુવલને બેભાન હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. પરંતુ સ્થિતિ ગંભીર હોવાથી અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. જીવન-મરણ વચ્ચે બેભાન હાલતમાં ઝોલા ખાઈ રહેલા ધ્રુવલનું વહેલી સવારે સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજતા ગામમાં સન્નાટો છવાઈ ગયો છે. તો બીજી તરફ ધ્રુવલ જે કોલેજમાં અભ્યાસ કરતો હતો તે બાપુ નોલેજ વિલેજના વિદ્યાર્થી મિત્રોમાં પણ શોકની કાલીમા છવાઈ જવા પામી છે. મળતી માહિતી મુજબ અકસ્માત સર્જીને ફરાર થઈ ગયેલા કાર ચાલકની કારની પ્લેટ તુટીને સ્થળ પર પડી ગઈ હતી અને તે નંબર પ્લેટ રાહદારીએ પોલીસને સોંપી છે. આ નંબર જીજે.૦૯.એજી.૬૯૦૦ નોંધીને પ્લેટ જપ્ત કરી સે. ૭ પોલીસે આરોપી સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

**ચાર દિવસ પહેલાં મહાત્મા મંદિર નજીક બાઈકને બેફામ જતી કારે ટક્કર મારી હતી**



## સે-૩૦ જુલેલાલ મંદિર ખાતે નિઃશૂલ્ક સાંધાના દુખાવાનો કેમ્પ ૧૯મીએ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ ઝુલેલાલ -સાંઈબાબા મંદિર ખાતે શરીરના સાંધાના દુખાવાનો કેમ્પ આગામી તા.૧૯ ફેબુઆરીને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે. આ કેમ્પમાં પેઈન મેનેજમેન્ટના જાણીતા નિષ્ણાંત ડો. રાજીવ હર્ષે હાજર રહેશે.રાંજણ, સ્લીપડીસ્ક, ઢીંચણ, ખભા, ગરદન, કમર, નસ-સ્નાયું તથા અન્ય જુના દુખાવાની તપાસ કરી જરુરી માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં ભાગ લેવા ઈચ્છુક નાગરીકોએ રજીસ્ટ્રેશન માટે મંદિર કાર્યાલયનો સંપર્ક કરીને જરુરી વિગત સાથેના ફોર્મ ભરી પરત કરવાનું રહેશે. તેમ સિંધી પંચાયત ગાંધીનગરના મંત્રીએ જણાવ્યું છે.

# સમસ્ત ખડાયતા સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૧૫

શ્રી સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત ગાંધીનગરનો શૈક્ષણિક ઈનામોત્સવ અને રમતોત્સવ તાજેતરમાં સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે યોજાયો હતો. જેમાં કે.જી.થી ઉચ્ચ ડિગ્રી મેળવેલા વિદ્યાર્થીઓને તેમજ રમત ગમત ક્ષેત્રે સમાજનુ નામ રોશન કરનાર ખેલાડીઓને પ્રમાણપત્ર અને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના ૭ વડીલ ભાઈ- બહેનોને પણ શાલ ઓઢાડીને સન્માન કરાયું હતું. આ પ્રસંગે મોટીસંખ્યામાં સમાજના ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સમસ્ત ખડાયતા સમાજ ગાંધીનગર ગુજરાત દ્વારા સેકટર-૧૨ આંબેડકર ભવન ખાતે આયોજીત શૈક્ષણિક ઈનામોત્સવ અને રમતોત્સવ કાર્યક્રમનો પ્રારંભ મહેમાનોના હસ્તે દિપ પ્રાગટયથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સંસ્થા પરિવાર તરફથી ઉપસ્થિત મહેમાનું બુકે દ્વારા સ્વાગત કરાયું હતું. કાર્યક્રમમાં કે.જીથી લઈને ઉચ્ચ અભ્યાસક્રમમાં પ્રથમ ક્રમાંકે સારા ગુણ મેળવેલા ૪૫ બાળકોને ઈનામ આપી સન્માનિત કરાયા હતા. જયારે વિવિધ સ્પર્ધામાં ૧૫ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં વેશભુષા, ગીત સ્પર્ધા,નૃત્યકલા બાળકો દ્વારા પ્રસ્તૃત કરવામાં આવી હતી. બાળકોએ બોલ તેમજ ફુગ્ગાની રમતની સાથે સાથે આજના આધુનિક યુગની મોબાઈલ ચીટચેટ ગેઈમ રમાડવામાં આવી હતી.આ વિવિધ ગેમમાં સમાજના ૫૦ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ૩૦ બાળકોને વિજેતા બનતા ઈનામ એનાયત કરાયા હતા. જયારે સમાજના ૭૦ વર્ષથી વધુની વયના ૭ વડીલોનું બુકે, શાલ અને સન્માનપત્ર આપી બહુમાન કરાયું હતું. જયારે આ પ્રસંગે સમાજના ૩ બાળકોને વિશિષ્ટ સિધ્ધી બદલ નવાજવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રમુખ એમ.એમ.શાહ અને મંત્રી બી.ડી.શાહના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કિર્તિકુમાર શાહે કર્યુ હતું.આ પ્રસંગે સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા અને સૌ અલ્પાહાર બાદ છુટા પડ્યા હતા.



# બ્રહ્મસમાજ મહિલા પાંખ દ્વારા દીકરીની માતાનું સન્માન કરશે

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર બ્રહ્મસમાજની મહીલા પાંખ દ્વારા મહીલા દિવસની ઉજવણી નિમિત્તે તા ૫ માર્ચના રોજ સે-૧૬ સ્થિત બ્રહ્મ ભવન ખાતે બપોર ૨ કલાકે એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. જે અન્વયે સમાજમાં એક કે બે દિકરી ધરાવતી ૪૦ વર્ષથી વધુ વયની માતાઓનુ સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુક સંબંધિત બહેનોએ પોતાના નામ નોંધાવી દેવા માટે જણાંવાયુ છે. આ માટે સમાજની બહેનોને મોબાઈલ નં-૯૯૨૪૧૯૯૩૨૨ પર સંપર્ક કરી નોંધાવવા માટે મહીલા પાંખના જ્ઞાનીબેન ઉપાધ્યાયએ જણાંવ્યુ છે.

# ગુડા વિસ્તાર કોબામાં નવી પોસ્ટ ઑફિસ શરૂ થશે

ગાંધીનગર, તા.૧૫

દર ત્રણ માસે યોજાતી ડાક અદાલતનું અધિક્ષક એમ.આર. ત્રિવેદીની ઉપસ્થિતિમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર, કલોક તથા ગુડા વિસ્તારના જાગૃત નાગરિકો ઉપસ્થિત રહી રજૂઆતો કરી હતી.

એન.એસ.સી.ની પાકતી મુદતે કોઈ પણ ટપાલ કચેરી ગાંધીનગરમાં છે તેમાંથી ઊપાડ મળવો જોઈએ. જયારે કોર બેકીંગની વ્યવસ્થા ઊભી થઈ છે ત્યારે આ વ્યવસ્થા થવી જરૂરી છે. તેવા સૂચનો થયા હતા. જેનો સ્વીકાર કરી ઘટતું કરવા હૈયાધારણ આપેલ હતી. તમામ પોસ્ટ ઑફિસોમાં નોટ ખરી-ખોટીને ગણતરી માટેના મશીનો મુકવાની દરખાસ્ત કરેલ હોવાનું જણાવ્યું હતું. ટપાલપેટીઓ સેકટરોમાં મુકવામાં આવી છે તે સમયસર ખુલે તે માટે મહામંડળે રજુઆત કરી હતી. જેનો અમલ બારકોડ દ્વારા થયેલ હોવાનું સત્તાવાહકોએ જણાવ્યું હતું.

ગુડા વિસ્તાર ઝડપી વિકાસ પામી રહ્યો છે. જે અંગે ટપાલ વિતરણ અને તપાલની તમામ કામગીરી ઝડપથી થાય તેવું સૂચન થયું હતું. જેની કાર્યવાહીમાં કોબા ખાતે નવી ટપાલ કચેરીનો પ્રારંભ કરાશે. 'ગુડા' દ્વારા યોગ્ય આયોજન સંકલન થયેલ નથી. જે અનિવાર્ય છે. તો આ પ્રશ્નો સરળતાથી હલ થઈ શકે તેમ છે. પોસ્ટ ઓફિસ માટે જુદા જુદા વિસ્તારમાં અલગ જગ્યાઓ ફાળવવા માટેની રજૂઆત થયેલ છે. નવા સેકટરોમાં ટપાલ કચેરીઓની વ્યવસ્થા થાય તેવી રજૂઆત કરી હતી. ગાંધીનગર શહેર વસાહત મહામંડળ પ્રમુખ અરુણ બુચ, મયુરભાઈ વ્યાસ, કિશોર જીકાદરા, સુધીરભાઈ દેસાઈએ રજૂઆતો કરી હતી.

### જલારામ ધામ ખાતે

# આજે નેત્ર નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૯ સ્થિત જલારામ મંદિર ખાતે તા.૧૬ ફેબુઆરીને ગુરુવારના રોજ સવારે ૧૦થી ૧૨ કલાક દરમિયાન નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પમાં તમે જુના નહીં પહેરતા ચશ્માનું ( તેજ આઈ સેન્ટરમાં) દાન કરીને જરૂરીયાતમંદ બાળકો અને વડીલોને નવા ચશ્મા અપાવવા સહભાગી થવા અનુરોધ કર્યો છે. તમારા જુના ચશ્મા કેમ્પમાં સાથે લઈને આવવા જલારામ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ સેજાણીએ અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. ધ્રુવલ બિપીનભાઈ વ્યાસ, ઉ.વ.૨૦
- સ્વ. હેમલતાબેન પટેલ, ઉ.વ.૭૫